પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૩૪૧ | ૨૨ ફેબ્રુઆરી, ૨૦૧૭, બુધવાર ; મહા વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ન્યુઝ ટ્રેક

### એક હજારની નવી નોટોનું પ્રિન્ટીંગ શરૂ



ભારતીય રિઝર્વ બેંકે એક હજાર રૂપિયાની નવી નોટ બજારમાં મુકવાની તૈયારીઓ આરંભી દીધી છે. પ્રિન્ટીંગ આરંભાઈ ગયું છે અને તે ટુંક સમયમાં અમલમાં આવી જશે.

### રાહુલ-અખિલેશે સફેદ કબૂતરો ઉડાડ્યાં



અલ્હાબાદ ખાતે સપા-કોંગ્રેસ ગઠબંધના રોડ શૉના અંતે રાહુલ-અખિલેશની જોડીએ સફેદ કબુતરો ઉડાડી શાંતિનો સંદેશ આપ્યો હતો. જાતિ-ધર્મના વિવાદો ભુલી વિકાસ માટે મતદાન કરવા સંગમ નગરી અલ્હાબાદના મતદારોને અપીલ કરી હતી.

### મનીષા કોઈરાલા બાળકી દત્તક લેશે



બોલીવુડ અભિનેત્રી મનીષા કોઈરાલા મા બનવા જઈ રહી છે. તે એક નાની બાળકીને દત્તક લેવાનો વિચાર કરી રહી છે.

### શોપીંગ સેન્ટર સાથે વિમાન ટકરાયું



ઓસ્ટ્રેલિયાના મેલબર્નમાં મંગળવારે વિમાનના એન્જીનમાં ગડબડી થતાં હાઈરાઈઝ શોપીંગ સાથે તે ટકરાયુંહતું. વિમાનમાં સવાર પાંચે મુસાફરોના મૃત્યુ થયા હતા.

### ભારતનો એક માત્ર જ્વાળામુખી થયો સક્રિય

અંદામાન-નિકોબાર દ્વીપ સમુહમાં ૧૫૦થી વધુ વર્ષોથી નિષ્ક્રિય રહેલો ભારતનો એકમાત્ર જ્વાળામુખી ફરીથી લાવા ફેંકી રહ્યો છે એમ ગોવાના રાષ્ટ્રીય સમુદ્ર વિજ્ઞાનના સંશોધકોએ જણાવ્યું હતું.

### બુલેટ ટ્રેન સમુદ્ર નીચેથી પસાર થશે



મુંબઈ-અમદાવાદ વચ્ચે શરૂ થનારી બુલેટ ટ્રેન પ્રોજેક્ટનો કેટલોક ભાગ સમુદ્ર નીચેથી પસાર થશે. થાણેમાં સમુદ્રની અંદર ટનલ બનાવાશે. આ પ્રોજેક્ટ ૨૦૨૩ સુધીમાં પુર્ણ થશે.




# રાજ્યનું ચૂંટણીલક્ષી અંદાજપત્ર

## ગુજરાતનું ૧,૭૨,૧૩૯ કરોડનું બજેટ રજૂ : યુવાનો, મહિલાઓ અને ખેડૂતોને આકર્ષવા અનેકવિધ યોજનાઓ અને રાહતોની જાહેરાત

ગાંધીનગર, તા. ૨૧

ગુજરાતમાં નાણા વિભાગનો હવાલો સંભાળતા નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિન પટેલે આજે બપોરે વિધાનસભામાં ૨૦૧૭-૧૮ના વર્ષનું બજેટ રજુ કર્યુ છે. શ્રી વિજય રૂપાણી મુખ્યમંત્રી બન્યા પછીનું પહેલુ અને ધારાસભાની ચૂંટણી પૂર્વેનું છેલ્લુ બજેટ છે. બજેટ ચૂંટણીલક્ષી દેખાય છે. ગુજરાતની પ્રજા પર નવો કોઈ કરબોજ લાદવામાં આવ્યો નથી. વેટનું માળખુ યથાવત રાખવામાં આવ્યુ છે. જુલાઈ મહિનાથી ગુડસ એન્ડ સર્વિસ ટેક્ષ (જીએસટી) લાગુ કરવાની જાહેરાત કરવામાં આવી છે.

બજેટમાં અંદાજ અનુસાર ૨૩૯.૧૬ કરોડ અને એકંદર પુરાંત ૫૨૧.૩૦ કરોડ દર્શાવવામાં આવેલ છે ખેતી વિષયક ટ્રેકટર પર વેરાની આવકમાં ૧૦ કરોડ ઘટાડો થશે.



**કરવેરા વધારા અને ઘટાડા બન્નેથી સરકાર લગભગ આઘી રહી : ૨૩૯.૧૬ કરોડની પુરાંત : મોટર વાહન વેરાના સરળીકરણથી એક સાથે ૨૯૨.૧૪ કરોડ મળશે : ખેતી વિષયક ટ્રેકટર પરની આવકમાં ૧૦ કરોડ ઘટાડોઃ એકંદર અંદાજીત પુરાંત ૫૨૧.૧૩૦ કરોડ : ૧ મેથી ઈ-પેમેન્ટ દ્વારા સાયબર ટ્રેઝરી મારફત વેરો ભરી શકાશે : મીડિયમ અને હેવી ગૂડ્સ વાહનો પર વેચાણ કિંમતનો ૭ ટકા વેરો**

શ્રી નીતિન પટેલે જાહેર કરેલ કે, વિવિધ વેરાઓને બદલે સમગ્ર દેશમાં પરોક્ષ વેરા ક્ષેત્રે ફકત ગુડઝ અને સર્વિસ ટેક્ષ લાગુ પડશે. નવી કર પ્રણાલિકાના અમલીકરણથી સમગ્ર દેશમાં ચીજવસ્તુઓ તેમજ સેવા ઉપરના વેરાના દરો સમાન રહેશે. જુલાઈ ૨૦૧૭થી સમગ્ર દેશમાં જીએસટી કાયદાનો અમલ થશે. જીએસટીને અનુરૂપ રૂ. ૧૦હજારથી વધુ વેરાનું ચુકવણુ ફકત ઈ-પેમેન્ટ દ્વારા જ કરવાનું ટૂંક સમયમાં શરૂ કરાશે. જી.એસ.ટી. અમલમાં આવનાર હોવાથી વેટના કર માળખામાં હાલના તબક્કે કોઈ ફેરફાર સૂચવાતો નથી. રાજ્યના નાગરીકોને મોટર વાહન વેરો ભરપાઈ કરવાની પ્રક્રિયામાં રાહત અને સરળતા થાય તે માટે ૧-૪-૨૦૧૭થી નવા નોંધાતા વાહનોમાં મોટર વાહન વેરો ફકત ઉચક રીતે વસુલાશે. તે પહેલાના નોંધાયેલા જૂના વાહનો પર વેરાનું એક સાથે ભારણ ન આવે તે માટે આવા વાહનો પર રીકરીંગ વેરાનો વિકલ્પ ચાલુ રાખવાની સાથે ઉચક વેરાનો વિકલ્પ અપાશે. ૭.૫ ટનથી વધુ ગ્રોસ વ્હીકલ વેટ ધરાવતા માલ વાહનો પર પ્રતિ ટન રૂ. ૮૦૦ વેરો છે.

૭.૫ ટનથી વધુ ગ્રોસ વ્હીકલ વેટ ધરાવતા મીડીયમ ગુડઝ અને હેવી ગુડઝ વાહનો પર ઉચક વેરાના દરમાં રહેલો તફાવત દૂર કરી આ વાહનો પરના ઉચક વેરમા ઘટાડો કરી એક સમાન દરે વેચાણ કિંમતના ૭ ટકા રાખવાની બજેટમાં દરખાસ્ત છે. ખાનગી સર્વિસ વાહનોમાં હાલ પ્રતિ બેઠક દીઠ રૂ. ૫૦૦ ઉચક વેરાનો દર છે તે વેચાણ કિંમતના ૮ ટકા થશે. શૈક્ષણિક સંસ્થાની બસો પર વેરાનો દર બેઠક દીઠ ૨૦૦ છે તે વેચાણ કિંમતના ૩.૫ ટકા થશે. સ્ટેજ કેરેજ બસમાં વાર્ષિક દર બેઠક માટે રૂ. ૧૨૦૦ તે વેચાણ કિંમતના ૨ ટકા કરવાની દરખાસ્ત છે. સામાન્ય મેક્ષી કેબમાં હાલ વાર્ષિક વસુલાત બેઠક દીઠ રૂ. ૧૫૦૦ છે તે વાહનની વેચાણ કિંમતના ૧૨ ટકા કરાશે.

રાજયમાં પ્રવાસનને વેગ મળે તેમજ નાના પરીવારોને પ્રવાસ માટે સારૂ વાહન પ્રાપ્ત થાય તે બાબત ધ્યાનમાં લઈને સામાન્ય મેકસી કેબ અને લકઝરી કેબ અને લકઝરી મેકસી કેબમાં ઉચ્ચક વેરાનો.....

(અનુ. સાતમા પાને)

### રૂપિયો ક્યાંથી આવશે અને ક્યાં જશે

બજેટમાં રાજ્ય સરકારની આવક અને જાવકના અંદાજ ઉપરાંત રૂપિયો ક્યાંથી આવશે અને ક્યાં જશે તેના અંદાજ પણ મુકવામાં આવ્યા છે તે નીચે મુજબ છે.

| રૂપિયો ક્યાંથી આવશે | |
|---|---|
| વેચાણવેરો-મૂલ્યવર્ધિત કર | ૩૧.૩૩ ટકા |
| કેન્દ્ર સરકાર તરફથી સહાયક અનુદાન | ૯.૧૬ ટકા |
| કરવેરા સિવાયની આવક | ૧૦.૭૬ ટકા |
| જાહેર દેવું | ૧૯.૬૯ ટકા |
| વેચાણવેરો-મૂલ્યવર્ધિત કર સિવાયના વેરા | ૧૩.૪૨ ટકા |
| કેન્દ્રીય કરવેરા હિસ્સામાં | ૧૨.૨૧ |
| લોન અને પેશગીની વસુલાત | ૦.૧૭ |
| જાહેર હિસાબ | ૩.૨૬ ટકા |

| રૂપિયો ક્યાં જશે | |
|---|---|
| ચોખ્ખી લેવડદેવડ | ૦.૧૪ ટકા |
| સહાયક અનુદાન અને ફાળો | ૦.૨૧ ટકા |
| લોન અને પેશગી | ૦.૩૮ ટકા |
| જાહેર દેવાનું ચુકવણી | ૯.૨૪ ટકા |
| વિકાસલક્ષી ખર્ચ | ૬૦.૫૦ ટકા |
| બિન વિકાસલક્ષી ખર્ચ | ૨૯.૫૩ ટકા |

### યુપીમાં ચોથા તબક્કાની ચૂંટણી માટેના પ્રચારનો અંત

લખનૌ, તા. ૨૧

ઉત્તર પ્રદેશમાં રોડ શો અને આક્રમક ચૂંટણી પ્રચારના ઝંઝાવાત વચ્ચે ચોથા તબક્કાના પ્રચારનો અંત આવી ગયો હતો. તમામ નેતાઓએ મતદારોને પ્રભાવિત કરવાના પ્રયાસો કર્યા હતા. ભાજપ પ્રમુખ અમિત શાહ, સપા અને કોંગ્રેસ ગઠબંધનના નેતા રાહુલ અને અખિલેશે એક સાથે અલ્હાબાદમાં રોડ શો કરીને લોકોને પ્રભાવિત કરવાના પ્રયાસ કર્યા હતા. રાહુલ અને અખિલેશ યાદવે બોલસનથી રોડ શોની શરૂઆત કરી હતી. અહીં તેઓએ મોટી સંખ્યામાં લોકોની ઉપસ્થિતિમાં આગળ વધતા પહેલા મહાત્મા ગાંધીની પ્રતિમા ઉપર પુષ્પાંજલિ અર્પણ કરી હતી. અલ્હાબાદ સંયુક્ત ચૂંટણી પ્રચાર દરમિયાન રાહુલ અને અખિલેશ એક સાથે નજરે પડ્યા હતા. રાહુલ ગાંધી પણ રોડ શોમાં ઉપસ્થિત રહેલા લોકોનો આભાર માન્યો હતો. બીજી બાજુ અખિલેશ યાદવ બ્લેક જેકેટમાં નજરે પડ્યા હતા. કોંગ્રેસ અને સમાજવાદી પાર્ટીના હજારો કાર્યકર્તા કાફલા સાથે આગળ વધ્યા હતા. બીજી બાજુ ભાજપ પ્રમુખ અમિત શાહની સાથે રાજ્ય ભાજપના પ્રમુખ કેશવ પ્રસાદ મોર્ય દ્વારા શહેરમાં રોડશોનું આયોજન કરવામાં આવ્યું હતું. જુદા રુટથી તેમનો કાફલો પસાર થયો હતો. ઉત્તરપ્રદેશમાં તમામ પક્ષોએ તાકાત લગાવી દીધી છે. અમિત શાહે ચંદ્રશેખર આઝાદની પ્રતિમા ઉપર પુષ્પાંજલિ અર્પણ કર્યા બાદ તેમના શોની શરૂઆત કરી હતી. તેમનો કાફલો અલાપુર પોલીસ સ્ટેશનથી આગળ વધીને નિકળ્યો હતો. ભાજપના સમર્થકો મોટી સંખ્યામાં જોડાયા હતા. ચોથા તબક્કામાં ૧૨ જિલ્લાઓમાં મતદાન યોજનાર છે જેમાં પ્રતાપગઢ, કોસંબી, અલ્હાબાદ, જાલોલ, ઝાંસી, લલિતપુર, મહોબા, બાંદા, હમીરપુર, ચિત્રકુટ અને ફતેહપુરનો સમાવેશ થાય છે.

# બીએમસી માટે બાવન ટકા મતદાન

મુંબઈ,તા. ૨૧

બીએમસી ચૂંટણી માટે આજે શાંતિપૂર્ણરીતે મતદાન થયું હતું. મતદાન ૫૨.૧૭ ટકા નોંધાયું હતું. હવે પરિણામોને લઈને ઉત્સુકતા વધી રહી છે. પરિણામ ૨૩મી ફેબ્રુઆરીના દિવસે જાહેર કરવામાં આવશે. બૃહાન મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ૨૨૭ બેઠક માટે અગાઉ સવારે મતદાન થયું હતું. ભાજપ, શિવસેના, કોંગ્રેસ અને એનસીપીની પ્રતિષ્ઠા દાવ ઉપર લાગેલી છે. બીએમસી દેશમાં સૌથી અમીર મ્યુનિસિપલ કોર્પોરેશન તરીકે છે. મતદાનના અંતે મુંબઈના ૯૨ લાખ મતદારો પૈકી ૫૨ ટકાથી વધુ મતદારોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. ૧૨ લાખ મતદારોના નામ લાપત્તા દેખાયા હતા. પોલીસે મતદાન મથકો પર ૧૪ ફરિયાદો નોંધી છે.

શિવસેના અને ભાજપ વચ્ચે છેલ્લા ૨૫ વર્ષથી સંબંધો રહેલા છે પરંતુ સમયની સાથે સાથે બંને વચ્ચેના સંબંધોમાં તિરાડ પડી છે. બીએમસી ચૂંટણી પહેલા બેઠકોની વહેંચણીને લઈને પણ તિરાડ પડી હતી. શિવસેનાને કુલ ૨૨૭ સીટો પૈકી માત્ર ૬૦ બેઠકો આપવાની ઓફર કરી હતી. જેને ભાજપે અપમાન તરીકે ગણાવીને ફગાવી દીધી હતી. ત્યારબાદ બંને પાર્ટીઓએ અલગ અલગ રીતે ચૂંટણી લડવાનો નિર્ણય કર્યો હતો. દેખાઈ રહ્યો ન હતો. અગાઉ બૃહાન મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન (બીએમસી) સહિત ૧૦ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી માટે આજે સવારે સઘન સુરક્ષા વચ્ચે મતદાનની શરૂઆત થઈ હતી. સવારમાં જ મોટી સંખ્યામાં લોકોએ તેમના મતાધિકારનો ઉપયોગ કર્યો હતો. સદાબહાર અભિનેત્રી રેખા, ટીના મુનિમ, રણવીર સિંહ સહિતના બોલીવુડના કલાકારો સૌથી પહેલા મતદાન કરનાર લોકોમાં સામેલ રહી હતી. બીએમસી, પુણે અને નાસિક સહિત ૧૦ મ્યુનિસિપલ કોર્પોરેશનની ચૂંટણી ભાજપ અને શિવ સેના માટે પ્રતિષ્ઠાજનક બની ગઈ છે. ૧૦ મ્યુનિસિપલ કોર્પોરેશન ઉપરાંત ૧૧૮ પંચાયત સમિતીમાં પણ મતદાન આજે સવારે શરૂ કરવામાં આવ્યુ હતુ. મહાલક્ષ્મી વિસ્તારમાં એનસીપીના દિગ્ગજ નેતા શરદ પવારે સવારમાં મતાધિકારનો ઉપયોગ કર્યો હતો.






